# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૨૧-૧૨-૨૦૦૯**

- **ધોરાજીની કરુણ ઘટના બાદ સ્થળ મુલાકાત લેતા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ અને ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડીયા**
- **સરકારની ગુનાહીત બેદરકારીએ નિર્દોષ ભક્તોના જીવ લીધાં.**
- **ગુજરાતમાં કેગના અહેવાલમાં પણ જે ટીકા થયેલી છે તેવી ૨૫ ટકા પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ કારણભૂત.**
- **નવ દિવસથી ચાલી રહેલા ઉત્સવમાં ધાર્યા કરતાં વધારે ભક્તોનો પ્રવાહ થયા પછી પણ તંત્રની આંખ ન ઉઘડી.**
- **સરકારના ઈન્ટેલીજન્સ વિભાગને ભા.જ.પ દ્વારા કોંગ્રેસના નેતાઓની ઈન્ટેલીજન્સે સી.આઈ.ડી. કરવાનું કામ સોંપવામાં આવે છે અને તેથી તંત્રને ઈન્ટેલીજન્સ વિભાગ લોક રક્ષણ માટેની માહિતી આપી શકતું નથી.**

ગઈકાલે ધોરાજી ખાતે કરુણ ઘટના હવેલીના ઉત્સવ દરમ્યાન બનતાં ધક્કા મૂકીના કારણે આઠ વ્યકિતઓના મૃત્યુ થયાં છે. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ તથા કોંગ્રેસપક્ષ તરફથી આ કરુણ ઘટના માટે દિલસોજી વ્યકત કરવામાં આવી છે. આજે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડીયા તથા સ્થાનિક આગેવાનો સાથે ધોરાજીની મુલાકાત લીધી હતી.મૃતકના પરિવારજનોને તથા સ્થળ પરની મુલાકાત અને તટસ્થ નાગરિકોના વિચારોથી સાંભળ્યા બાદ પ્રતિક્રિયા આપતાં વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પોલીસ તંત્રની સંપૂર્ણ ઉદાસીનતાના કારણે નિર્દોષ ભક્તોને જીવ ગુમાવવાનો વારો આવ્યો. નવ દિવસના આ મહોત્સવમાં પહેલાંજ દિવસથી ધારણા કરતાં વધારે લોકો આવી રહયાં હતાં. છેલ્લો દિવસ એ મહા છપ્પનભોગના દર્શનનો દિવસ તે મહત્વનો દિવસ હોય સ્વાભાવિક સંખ્યા વધશે તેમ માનીને મંદિરના વ્યવસ્થાપકશ્રીઓ,સંસદ સભ્યશ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા, ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડીયા તથા જાગૃત આગેવાનો તરફથી યોગ્ય પોલીસ બંદોબસ્ત તથા તંત્ર તરફથી પૂરતી વ્યવસ્થાની માંગણી કરેલી હોવાછતાં માત્ર ત્રણ જ પોલીસ કોન્સ્ટેબલ હાજર હતાં.તંત્રની સંપૂર્ણ નિષ્ક્રિયતા અને ગુનાહિત બેદરકારી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ગુજરાતમાં પોલીસ તંત્રની ૨૫ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે. તે અંગે વિધાનસભામાં બે દિવસ પહેલાં રજૂ થયેલા કેગના રીપોર્ટમાં પણ ટીકા થયેલી છે. રાજસ્થાન જેવા રાજયમાં ૬૫૦ નાગરિકોએ એક પોલીસ કોન્સ્ટેબલ છે જયારે વન નંબર પોતાની જાતને કહેવડાવનારના શાસનમાં આપણા ગુજરાતમાં ૧૭૦૦ નાગરિકોએ એક પોલીસ કોન્સ્ટેબલ છે. પોતાના સિવાય કોઈની પણ સલામતીની ચિંતા નથી તે આના પરથી સ્પષ્ટ થાય છે. ભૂતકાળમાં આજ સરકારના શાસનમાં પાવાગઢ ખાતે આવી દુર્ઘટનામાં નિર્દોષ ભક્તોએ જીવ ગુમાવ્યા પછી પણ આ ભા.જ.પ.ની સરકારનું પેટનું પાણી પણ હલતુ નથી. ફિકસ પગારના કર્મચારીઓની પોલીસ દળમાં ભરતી કરવાની ભા.જ.પ. સરકારની નીતિના કારણે તંત્રમાં ઉદાસીનતા વ્યાપી છે તે પણ કારણભૂત છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષ તરફથી સમગ્ર દુર્ઘટનાની તપાસ કરવા માટે સર્વ પક્ષીય ધારાસભ્યશ્રીઓની એક કમિટી નીમવા માંગણી કરવામાં આવી છે.મેજીસ્ટ્રેરીયલ તપાસમાં કશું નીકળવાનું નથી. ખરા અર્થમાં જયુડીશીયલ ઈન્કવાયરી કે સી.બી.આઈ.ની તપાસ જવાબદારી નકકી કરવા માટે સોંપવી જોઈએ અને ધારાસભ્યશ્રીઓની સમિતિ પણ નિયુકત કરવી જોઈએ. મોટા ભાગે મૃતકના પરિવારજનો અત્યંત ગરીબ પરિસ્થિતિના છે. આવા જરુરીયાતમંદ પરિવારોને આર્થિક સહાય પણ તાત્કાલિક રાજય સરકારે પૂરી પાડવી જોઈએ.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ